રાજ્યમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો-૧૦ અને ધો-૧૨ના વર્ગો ચાલુ કરવા બાબત.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૧૭
શાખાનું નામ: પરીક્ષા શાખા
તારીખ: ૮।૧।૨૨
સહી:

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭૪/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮/૦૧/૨૦૨૧

વંચાણે લીધા: (હાથથી: દરેક શાખા પરીપત્ર કરીએ)

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઓર્ડર નં. 40-3/2020-ડી.એમ.-1 (એ) તા. 30 સપ્ટેમ્બર, 2020 થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૧/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૪) તા.૦૬/૦૧/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક.

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમ (૧)ની માર્ગદર્શિકા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ દેશમાં કોવિડ-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને જે બંધ હતું તે ફરીથી શરૂ કરવા માટેની ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.જે મુજબ કન્ટેનમેન્ટ ઝોનની બહાર મંજૂરી આપવામાં આવતી પ્રવૃત્તિઓમાં ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦ પછી શાળાઓ અને કોચિંગ સંસ્થાઓ ફરીથી ક્રમશઃ ખોલવામાં આવે એવું સૂચન કરવામાં આવેલ જેના માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર સંબંધિત શાળા/સંસ્થા સંચાલકો સાથે પરામર્શ કરી, પરિસ્થિતિના મૂલ્યાંકન આધારિત અને વંચાણે લીધેલ ક્રમ (૨) થી શાળાઓ શરૂ કરવા નિર્ણય લેવામાં આવેલ હતો પરંતુ કોરોના સંક્રમણની પરિસ્થિતિને કારણે વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના ઠરાવથી શાળાઓ શરૂ કરવા અંગેનો નિર્ણય સ્થગીત રાખવામાં આવેલ હતો. ત્યારબાદ તા.૦૬/૦૧/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુનઃ શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વર્ગો માટે તા.૧૧/૦૧/૨૦૨૧ થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુનઃ શરૂ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે

Scanned with CamScanner

(૧) તા.૧૧/૦૧/૨૦૨૧થી રાજ્યની તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઇન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફલાઇન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય માં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે.તથા તે માટે સંબંધીત સંસ્થાએ વિદ્યાર્થીના વાલીઓ પાસેથી આ સાથે સામેલ નમૂનામાં લેખિત સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ ક્લાસમાં ન જોડાય તેઓ માટે ONLINE અભ્યાસની વ્યવસ્થા શાળાઓ દ્વારા કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત ચેનલ અને દૂરદર્શન ડી.ડી. ગિરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

(૨) માત્ર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના જ વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવાના રહેશે.

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરીયાત તેમજ જટિલતા ધ્યાને લઈને શાળાઓએ વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. જેથી બે વિદ્યાર્થીઓ વચ્ચે ભારત સરકારની એસ.ઓ.પી/ માર્ગદર્શિકા પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વધુમાં, કયા વિષય/અભ્યાસક્રમ માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના આચાર્યશ્રી સક્ષમ રહેશે.

(૪) વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય તમામ કર્મચારીઓ માટે ફેસ માસ્ક ફરજિયાત રહેશે. અને સતત મોનીટરીંગ દ્વારા કોઇ પણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક શાળા સંકુલમાં ના પ્રવેશે તેની કાળજી સંબંધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે.

(૫) કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવા અથવા પરિવારમાં કોરોના સંક્રમિત કોઈ વ્યક્તિ હોય તેવા વિદ્યાર્થી કે સ્ટાફના કોઈપણ વ્યક્તિ શાળામાં હાજર રહી શકશે નહીં. કન્ટેન્ટમેન્ટ ઝોનના વિસ્તારમાં શાળા હોય તો શાળા ખોલી શકાશે નહી.

(૬) ભારત સરકારના દ્વારા બહાર પાડવામાં આવેલ SOP માં દર્શાવ્યા મુજબ તમામ સંબધિતો જેવા કે આચાર્ય, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, SMC સભ્ય વગેરેના કેપેસીટી બિલ્ડીંગ અંગેની કાર્યવાહી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(DIET) એ કરવાની રહેશે.

(૭) આ તમામ કાર્યવાહી ભારત સરકારના દ્વારા-બહાર પાડવામાં આવેલ એસ.ઓ.પી/માર્ગદર્શિકાની ગાઇડલાઇનને અનુસરીને કરવાની રહેશે. (www.education.gov.in પર ઓનલાઇન ઉપલબ્ધ છે.)

ઉપર્યુક્ત તમામ માર્ગદર્શિકાનું પાલન સંબંધિત જિલ્લાના વહીવટી તંત્ર અને શાળાના આચાર્યશ્રી/સંચાલકશ્રી દ્વારા સ્થાનિક પરિસ્થિતીને ધ્યાને લઈ વિદ્યાર્થીઓના હિતમાં કરવાનું રહેશે.

પરીપત્ર નં.- 638

ક્રમાંક:/પરીક્ષા/ધો.૧૦-૧૨/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી.
તા.૦૮/૦૧/૨૦૨૧

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner

૯/૮/૨૧

વાલી/માતા-પિતાનું નામ

______________________

સરનામું______________________

______________________

મો. નં.______________________

તા.______________________

પ્રતિ,

આચાર્યશ્રી,

શાળાનું નામ :______________________

સરનામું:______________________

જિલ્લો:

વિષય: મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P.(સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરુ કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. મારો પાલ્ય/પુત્ર/પુત્રી (નામ)______________________ આપની શાળામાં ધોરણ-____માં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતાપિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવાની હું સંમતિ આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી દ્વારા સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી શાળામાં માસ્ક પહેરીને આવે તેમજ પાણીની બોટલ, નાસ્તો વગેરે ઘરેથી લઈને આવે અને અન્ય સાથે તેની આપ-લે ન કરે તે અંગે તેમને અમોએ સમજ આપેલ છે. મારા પરિવારમાં કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો તેમજ મારું નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં નહિ મોકલું તેની ખાત્રી આપું છું.

આપનો વિશ્વાસુ

(સહી)

(નામ)

Scanned with CamScanner